બાળ સમાજ

જ્ઞાનોપદેશ

બહાર કરીને



માથે પીથી

શંભુ સદાશીવ

મંગળ થાઓ!



સ્તવનો.



જેમાં શ્રી "શંકર પરમાત્માનાં" ૨૫ ભજનો

અતિ પ્રખ્યાત નાટકના ગાયનોમાં રચેલા.

શ્રી. સુ. એ. ક. ઉ. બાળ સમાજને માટે.

છપાવી પ્રસિદ્ધ કરનાર - લક્ષ્મીરામ નરભેરામ

ઠેકાણું વાણીઆશેરી એકવીરાજી મહાદેવના શિવાલયમાં—સુરત

આવૃત્તી પાંચમી—પ્રત ૨૦૦૦

સને ૧૯૧૪

સુરત નવાપુરા ગળીયાશેરીમાં આવેલા શ્રી "મોહમ્મદી"

પ્રીન્ટીંગ પ્રેસમાં <u>હરકીશનદાસ ગોપાળદાસે</u> છાપ્યા

મુલ્ય રૂા૦ ૦—૧—૦

સન્માન પત્ર.

ધર્મધુરંધર અખંડ પ્રૌઢ પ્રતાપ ભવોદધીતારક શ્રી ગુરૂ મહાત્મા શ્રીના ચરણ સરોજમાં સેવકની નમ્રતાથી એ વિનતી એ છે જે આપ કૃપાળુની અમી દ્રષ્ટી દ્વારા શ્રી શંકર સમાજ પ્રાર્થના પોથીની ચતુર્થ આવૃતી ખલાસ થઇ જવાથી પંચમાવૃતી બહાર પાડવામા આવેલ છે અને તે મહેના સ્તવનોના કર્તા આપજ છો જેથી આપ શ્રીના ચર્ણાવિંદમાં આ પ્રાર્થના પોથી અર્પણ કરવામા આવે છે. તો આશા છે કે ભુલ ચુક દરગુજર કરી કરૂણા કૃપા કરશોજી.

લી૦ હું છું તમારો ગાંડો ઘેલો

મોજી મહારાજ.



૧ સોરઠ શ્રી ગજાનનની સ્તુતિ.

ગિરિજા સુત ગણપતી દેવા, ભકતો પ્રેમ કરે સ્તુતી સેવારે,
ગિરિજા. ટેક.
મુષક વાહનપર સ્વારી શોભે, સિંદુરે કરૂં ત્હારી સેવારે
ગિરિજા—૧
પુષ્પ રક્તાનું ચંદન ચર્ચીત, મોદીક મીઠાઇ મેવારે
ગિરિજા—૨
ધુપ દિપ આરતી મંગલ પુષ્પાંજળી આશિષ આપની લેવારે
ગિરિજા ૩
સુર સમાજમાં પ્રથમ પુજાયે. કરી શીવે તુજ સેવારે,
ગિરિજા -૪

૨ ધ્રુપદ—તાલ ચોતાલ.

ધન્ય ધન્ય ધન્ગ આજ, મળી હો "શંકર સમાજ"
ભક્તોના પુરશો કાજ, એકલીંગી શિરતાજ. ધન્ય ટેક૦
દશોદશ ગામોગામ, ત્હારૂં છે પ્રસીદ્ધ નામ,
મેવાડમાં વસ્યો ઠામ, પ્રખ્યાત છે પવિત્ર ધામ.—ધન્ય ૧
બ્રહ્મ આવી ત્હારી પાસ, રાખે કાંઇ કાંઇ આશ,
કાર્ય ત્હેના કરજે ખાસ "શિવશંકર ભોળાનાથ"—ધન્ય.

૩ દીપચંદી

વિશ્વેશ્વર ને પ્રિતેથી ભજીએ.
શંભુ વિણ કોઇ અમને કામ ન આવે,—વિ. ટેક.
વ્યાપી રહ્યા શંભુ વિશ્વમાં ભારી
અદ્ભુત પ્રેરણા છેજ તમારી. —વિ. ૧
નિયમિત ખાવું નિયમિત પીવુ,
દુનીયાને તમ હાથે મરવું ને જીવું,—વિ. ૨
ભવસાગરની આપ નાવ ચલાવો
સુકાની થઇ તમે સુકાન હલાવો— વિ. ૩
અલૌકિક રચના ભુમીમાં ભરી છે,
જે જોઇયે તે તો રાખી ખરી છે.—વિ. ૪
નિયમે કીધા તમે ધારા,
પાળે નહીં તેઓ ખાય છે પછાડા—વિ. ૫

દરિયો તોફાનિ, વાયરો છે ભારી.
પ્રેમ કરૂણા હું માંગુ તમારી,—શિ, ૬
સરવે ભકતન પર પ્રેમ કરજો,
દુરીજન દુસ્મન હમારા સૈ હરજો.—શિ. ૭
કિહુસ્તે વંદન કરી યાચુ
શિવ શિવ સ્તુતી કરી હુ રાચુ.—શિ. ૮

૪ કલ્યાણની રાહ. (ઢંઢસભા)

પાર્વતી પતી, (શિવ) આપો શુભ મતી,
સકળ સૃષ્ટી માંહી તુજ અકળ છે ગતી,
સુર અસુરમાં સર્વોત્તમ છો શ્રી શંકર ભોળાનાથ,
ધ્યાન ધર્યું જે જને તમારૂ બનાવો સનાથ—પા. ૧
આધી વ્યાધી અને ઉપાધી વિઘ્ન નીવારણ આપ,
સદ્બુદ્ધિ સદ્વિદ્યા આપો જેથી જપીએ જાપ. પા. ૨
નરશી સંતનુ ભરમાંગડ બાણાસુર આદી સાર,
ચાલે અદ્યાપી અખંડ કીર્તિ, એ તમારો ઉપકાર— ા. ૩
મનકર્મ વચને અરપે સ્તુતી આ શ્રી શંકર સમાજ.
ગુણ દોષ જોશો નહીં સુતના, વિનંતી સૌ આદુરાજ—પા. ૪

૫ વણઝારો.

શિવ જન્મોત્સવ દીન આજે, વાજીંત્ર મનોહર વાજે. ટેક

ઓગણીસે અડતાળીસ પ્રદશન ફાગુણ અમાવાશીયાન
દશેણુરે, એકલીંગજી ભાવે ગાજે--વાજીત ૧
શિશ જટા કેશ બીરાજે માંહે ગંગાજી ભલાં છાજેરે,
ડાક ડમરૂને ત્રિશુળ ભાસે વાજીત ૨
અંગ તણુ ચર્મ બીછાવી તે પર આશન લગાવીરે.
ભસ્મધારી અલેક જગાવે વાજીત ૩
બહુ હર્ષ થાય અંતરમાં, જેમ ચંદન લીજે કરમાંરે.
ગયુ કોણ સુગંધી કાજે વાંજીત ૪
બહુ ચોળો અંગજા અંગે, લઇ કેશર કીચીન સંગેરે,
ધન્ય પ્રાણનાથ બીરાજે વાજીત ૫

૬ દાદરો.

પાર્વતી પ્રણામ જગત જનેતા ખરી.
નામ સ્મરણ થકી જરૂર જાય જન તરી--પા. ટેક
અચળ આદ્ય શકિત જયોત વ્યાપી ઇશ્વરી,
દુઃખ દરિદ્ર દુર કરો દુરગુણો હરી,
સાષ્ટાંગે નમે સમાજ હે પુરંદરી, એવી દેવી.
શેવી. સુખ કરની, દુઃખ હરની, જય કરની,
માત શંકરી...પાર્વતી ૧



૭ લાવણી.

મહા જોગી શીવજી, ધરૂ તમારૂ ધ્યાન (૨)
નીશ દીન ધરીએ અમારા ઘટમાં ધ્યાન
તું ખલક સારામાં અલેક જગાવે જોગી,
અમો હરનીશ ત્હારા દરશનના છીએ ભોગી. મહા.
અમૃતનો છાંટો,નાંખ અમો ઘણાં પાપી.
કુડ કપટ, છળને ભેદ, તેતો નાંખ કાપી. મહા.
મોહ, મત્સર, લોભને દુર કરવા તું ચાળો,
દીન જાણી શંભુ કર હમારો ચાલો. મહા.
અમો અલ્પ આયુષ્યના ધણી, ઘણી કીધી નીંદા.
તે ક્ષમા કરો મ્હારા નાથ, મચકુન્દા. મહા.
ભસ્માસુરને વરદાન રૂડાં તડે આપ્યાં,
તે દુષ્ટે આવીને પાર્વતીજી સતાપ્યાં. મહા.
હરીહર બન્ને એકજ સમજો પ્રાણી,

જે ન ભજે તેની મીટી જાણુ ધુળધાણી. મહા.
આ અરજ હમારી સ્વિકારી લો સ્વામી,
શ્રી શંકર સમાજ વાનવર કહે શીર નામી. મહા.

૮—કાફી.

શિવ રટો તમે પ્રાણી વખત એળે કેમ ગાળ્યો. શીવ ટેક
નવ દશ માસ પ્રાણી, ઉદર રાખ્યો જનુનીને ભારે મારી,
ઉંધે મસ્તકે શિવનું ધર્યું ધ્યાન, તે સમે ભોળા જટાધારી,
દયા કરી જન્મ ઉધ્ધારી...શિવ. ૧
સુકૃત કુકીને દેહ બાંધ્યો મ્હારો, ભવ દરીયામાં નાંખ્યો,
સુખ દુઃખ ભોગવજે તું આવો, સમયે લઇ આવ્યો ચારો
શંભુજી દીલમાં સંભારો.. શિવ ૨
મનુષ્યા દેહ અવતાર જગતમાં ઉત્તમ તુજને આપ્યો.
તેનો બદલો વાળવા સારૂ તન મન ધન કંઇ રાખો,
જેથી ભવ સફળાં ત્યો...શિવ ૩
દુરીજનથી કરીને વાલજો, સુજનની પુઠે રહેજો,
જેથી તમારા માથેથીન દુર થાશે, સુખ તો અધિક લેજો
સમાજની શીખ ભૂલ્યા ન રહેશો...શીવ. ૪

૯—રાગ ધનાશ્રી.

કુદરતી કેર ધ્યાન ધરીએ કુદરતી કેર ધ્યા. ટેક.

શંકર શરણું જાતાં સહેજ, ટળે તનાભીમાન...ધરીએ
ત્રિકાળ દર્શન કરતા તમારૂં વધે પુન્યને દાન... ધરીએ
થાય પ્રિતથી પુજન યથાવીધ, કાંન્તી સુવર્ણ સમાન...ધ ૩
વિનતિ વિનયથી કરે સમાજ સહુ, ભુલી તનનાં ભાન...ધ. ૪

૧૦—વચન કટ્ટસે—એ રાહ.

એકલીંગજી કરો સહાય સહાય...ભુપતી એક૦ ટેક
સેવક સર્વે ન્હાના મોટાં ગુણ ગાય ત્હારા દીલથી છો.૧
આનો મોટા તે સુખ થાય થાય ...ભુપતી એક૦
આવ્યા વિના મનવાંચ્છીત આપો અનેક પ્રકારનાં કષ્ટો કાપો
ભોળાપણુ જોઇ જન સહાય રહ્યા ...ભુપતી એક૦
અરજી હમારી સુણીને કરણું નીજ બાળ તોયે લેજો શરણું
સમાજ ગુણ તુજ ગાય ગાય...ભુપતી એક૦

૧૧—નમું નમું નર્મદે માતા૦—એ રાહ.

આ શી લીલા ! (૩) શંકર ત્હારી, મન કરે છે અાણ કારી.
શિશ જટા (૩) રહી છે ભારી સાંઇ સુપ રહી એક નારી, ટેક
કર ડમરૂ ત્રિશુળ ભાળા, શોભે ગળે રૂંઢની માળા,
સોહે સર્પ શરીરે વિશાળા, ભસ્મ ધરી અંગ ન દી પ્રય
પીઓ નિત ભંગ, શાંમ્બ ત્રિપુરારી—મન ૧
અતી ગીરી ગુફાને નીહાળી. રૂષી મુનીઓ ધ્યાનનાળી

ઉપ ભોગ સકળને રાખી ધરે છે ધ્યાન, તજી અભીમાન,
કરે તુજ ગાન, સમાજ નીમધારી—મન ૭

૧૨—બલીહારીરે વિઠ્ઠલનું મુખ ન્યાળી,—એ રાહ..

આ સદાશીવરે ત્હારી લીલા સારી વરણું શુ ગીરીવરધારી
ઘટ ઘટમાંરે વ્યાપી રહયો ચમત્કારી છે ત્હારી બુધ્ધી છે ઘણી
ન્યારી ટેક.

(ઝુલ)

સેવકનાં દુખડાં કાપોરે, મનવાંચ્છીત ફળને આપોરે,
દાસ પોતાના કરી સ્થાપોરે નાથ ભોળારે
સેવકની દયા મનધારી, સાહે થાને હો દેવ મુરારી
શીવ ભોળારે, મુખ જોવા મન થાયે દે દરશણ વદુ પાયે.
છો અકળીત રે શ્રી અકલંગજી જોગીરાયે.
બ્રહ્માદીકથી નકળાયે.

(ઝુલ.)

શંભુ કરૂણાં દષ્ટી કરનેરે પ્રાણી માત્રનુ હીત ઉર ધરનેરે,
દુખીઆંને સુખીઆં કરનેરે નીલકંઠરે.
શ્રી શકર સમાજ ત્હારી ન્યારી સાહે થાને આ૦

૧૩—દરમાં તું દીલ સાથ છોકરા દર,—એ રાહ,

કરો ગર્જના સાથ ભોળાની કરો૦
થાય સાહે જેથી જગનાત—ભોળાની૦ ટેક.


કુમતી ટાળો સુમતી આલો નીતી રીતી આદીથી આલો
પંચાક્ષર મંત્રે મનમાં નીહાળો, પ્રાણ અપાનથી સુખમાં
મ્હાલો નીરંજન નીકરને ભાળો.
(રોકા નહી ખ્હીશમાં, ચાહ્યો જા સાહે થશે !)
મલશે તુને શ્રી નાથ—ભોળાની૦ ૧

૧૪—કરૂં પ્રણામ પ્રિતેથી, જગનાથ હું તને. એ રાહ,

ત્રીલોકયના છો નાથ વંદુ શ્રી કાશીવીશ્વનાથ.
એક બુદસે પ્રગટ કીયો હે એસોહે બુધ્ધીમાન (હાં)
જાકો મહીમા બેદ બખાનત, શાસ્ત્ર સ્મૃતીવ ૢરા ! હું૦
બ્રહ્મા વીષ્ણુ મહેપાદી સબ, કીનો જાકો ધ્યાન (હાં)
વાંહી ભોળાકે ચરણ કમળમે ૢજ મમતા અભીમાન હું
વંદુ શ્રી કાશીવીશ્વનાથ

૧૫—શંભુ ત્હારી લીલા સારી.—એ રાહ પ્રમાણે,

શીવશંકર શુળપાણી, વીનતિ ભક્તોની ઉર આણી ટેક
ચંદ્રશેખર શીશ જટા બીરાજે, વાહન બગ હે પ્રચંડ,
શોભે ગીરીજા તં અર્ધ, નદી સૌ સંગ,
રંગ ભંગ જા કે શીવ૦ ૧
"સનાતન શીવશંકર ભોળા," ધ્યાવત સુનર બ.ળ,
લપટાઇ જાત કંઇ બ્યાલ, ઓઢે અંગ છાલ,
રૂંઢની માળ—શીવ૦ ૨



૧૬—કાલીંગડાની છાંયા,—એરાગ.

અરે ઓ ત્રિલોકપના દાતારે તુ હિત કરી ઉધ્ધાર (૨)ટેક
ક્ષુધામાં તું તૃપ્ત થઇને હીરદે સ્મરજો દેહ,
શંભુ શંભુ શૌર્યતા, પાવે મનુષ્યા દેહ—અરે ઓ. ૧
ઘડી જાતી આંણદકી તુ કરલે કાંઇ બીચાર,
ચોર્યાશી લક્ષ યોનીમાં તું શીવ શીવ રટલે પ્યાર—અરે
ત્હારો મહીમા એવો મોટો, જેની નહી છે જોડ,
રૂદ્રા બીજકે પરહરીને કીટવીયો તુ તોડ—અરે ઓ, ૩
ત્હારો મહીમા ગાવાસારૂ, જન્મો જન્મ તું દે,
માયા રૂપી વીખથી પણ, સ્મરજે આ ત્હારો દેહ—અરે૦ ૪

૧૭ ગિરિરાજ—ચરન, મ્હે તુમ્હારે શહણ—એ રાગ

ગુણ અવગુણકે જ્ઞાતા "શ્રી શંકર"
દોષ નીવારકે મૂકત કરોગે—ગુણ૦ ટેક,

૪૦૦૬

૭ ૧૧

મોહજનીત ચગ મુક્ત પીછાની,
દાસનકો શિર હાથ ધરોગે—ગુણ ૧
વિશ્વેશ્વર તુમ નામ કહાવો,
કૃપા કરી સબ વિઘ્ન હરોગે.
અરજ સુણી મતી અલ્પ પીછાની,
જ્ઞાન રૂપ થઇ જીગરમે ઠરોગે—ગુણ૦ ૩

૧૮ સુસંગી, સુસંગી૦ એ રાહ.

ઓ ભોળા ઓ ભોળા ઓ ભોળા.
ઓ ભો ળા શ ભુ સ્મરીએ (૨) કરણ ધરો દીનગત, ભોળા ટેક-
હું જપુ હું જપુ હું જપુ જપુ દ્રઢ ચીત્તે, (૨)
હૈડે ધરો મમ તાત ભોળા
અજ્ઞાની અજ્ઞાની, અજ્ઞાની અજ્ઞાની હુ પુરો, ૨-
વંદુ પ્રણમી પ્રણમી પાગ—ભોળા૦ ૩
સ્વીકારો, સ્વીકારો, સ્વીકારો, સ્વીકારી લો પ્રેમે (૨)
શ્રી એકલીંગી સાક્ષાત—ભોળા૦ ૪

૧૯ રાજા સરીખું માન દેખી ચ મો૦ એ રાહ

ભોળા શ ભુ ભોળાઇમાં ભરપુર.
ભકતાધીન થઇને દયા લાવો ઉર ભોળા૦ ટેક

અમો ઘણા પાપી નથી કાંઇ નુર
અરે શંકર! વંદુ ત્હારી હજુર ભોળા૦ ૧
દુષ્કૃત્યોને વારી કરો ચકચુર,
મોહ મત્સરને છાંડી, ઉડાવી દ્યો દુર ભોળા૦ ૨
કરો ઐકયતા ભકતી કરવાનું શુર,
વંદી વંદી સેવક માંગે જરૂર—ભોળા૦ ૩

૨૦ ભૈરવી તાલદાદરો.

ચંદ્રશેખર ભવાબ્ધી મોચન,
કરૂણા કૃપાલ દીન દયાલ સ્તવું હું વાર વાર,
કરીને—નમીને—કરૂ—પ્રણામ, ભકતાધીન તુ,
રંક સુત હું, તા.. ર તા—ર. ટેક.
ત્રીપુરાંતક શેખર, સુળી મહેશ્વ ગીરીજાશંકર શંભુ
સ્મર હર ગાવે છંદ સમાજ વૃંદ ન પડે મંદ આનંદકંદ
કરૂણા૦ ૧

૨૧ જો ચાહે સો દીનાનાથ કરે૦ એ રાહ

સત્ય પુછો હમારા કોઇ નહી.
ભોળાનાથ ભસ્મધારી બીના—સત્ય ટેક
તાત માતમેં તત્ત્વ નહી હે,

સાર સકળકો સદા સહી—ભોળા. ૧
તન ધન લક્ષ્મી કીરતી આ હે.
કરૂં પુકાર સુણો ધ્યાન દઇ— ભોળા.
"શંકર સમજ"કા એહી ભરોસા,
જીએ લગી સો જાહી મે કહી—ભોળા ૩

૨૨ રૂમઝુમ રૂમઝુમ રૂમઝુમ રૂમઝુમ૦ એ રાહ

શીવશીવ શીવશીવ શીવશીવ શીવશીવ, મહા નાદ થાયે,
મહા નાદ થાયે, સુણે મહા કીલ્વીષો જાયે—શીવશીવ. ટેક
પ્રભુમીને "શ્રી શંકર ભકતો" હેત કરી માંગે, (૨)
રીદ્ધી સીદ્ધીને ભકતી બક્ષો વદુ સાષ્ટાંગે. વદુ સાષ્ટાંગે.
જીગરથી નીજ સેવક તાગે—શીવશીવ૦ ૧
સુખ પામી "શ્રી શંકર મંડળ" ભકતી તુજ પાવે,
"ભોળા શંભુ' કોઢ ધણેરા ( ) વદી વદી ગાવે.
વદી વદી ગાવે જીગરથી ભકતી તુજ પાવે—શીવશીવ

૨૩ જુવો રાજાજી, નજર કરીને૦ એરાહ

ભોળા શંભુ, ભોળા શંભુ સ્મરણ થાઓ,
સ્મરણ થાઓ મ્હારાં પ્રાશ્ચીત દુર જાઓ—ભોળા૦
કીલ્વીષ દુર થાઓ સન્મતી પ્રાપ્ત થાઓ ભોળા૦

સમયાનુસાર આ ધરૂ તો, નીમળ કાળો સુધ્રડ થાઓ,
ભોળા શંભુ૦ ૧
પ્રાતઃકાળે સ્નાન કરીને શ્રી શંકર શંકર દેવની સંભળાવો
ભોળાં શંભુ૦ ૨
ઉપદેશકની પાયરી આપો, બીન પૈસેથી કજો કાપો.
ભોળા શંભુ૦ ૩
જ્ઞાનો પદેશે વ્હાર કરીને શામ્બ સન્યાસીન મંગળ થાવો
ભોળા શંભુ૦ ૪

૨૪ ભેરવી.

ચાલો જઇએરે, સુખી થઇયેરે, ભોળાનાં દર્શણ કરીયેરે. ટેક
હાવ ભાવ આ જગત વીષે છે અતીશય એના ઉપર પ્રેમ
તેથી કરીને અટકુ કેમ જગત ઉપર એ રાખે રેમ,
સગવડના કુશળ ક્ષેમ, બહુ બહુ પેરે રાખે રે'મ,
એ રાખે રે'મ, એ રાખે રે'મ,—ચાલો જઇએ૦

૨૫ તત્વોપદેશ.

ચિન્ત ચલીત મન, (૨)
સંત વીના શુધ્ધ મારગ કોણ બતાવે. ટેક
અજ્ઞાની જીવ (૩)
પ્રભુ વીના પુરૂષાર્થી કામ ચલાએ—ચિંત
મન મોહ માયામાં રહે બહુ,

સમ વીષમ સંસારે અહી નહી રમતું,
એને પ્રભુ ભજવાનું નથી ગમતું—ચિ૦ત ૧
સગા સ્નેહી સબંધે ટળવળતું,
રાગ દ્વેષાદીકથી ફડફડતું,
શીવ હર હર હર હર ધ્યાન ધરતું—ચિ૦ત ૨

૨૬ આરતી.

જયદેવ, જયદેવ, જય ઉમયાધિશા, શિવ હર ઉમ૦
પ્રેમ કરી દીલહસ્તે, (૨) પ્રભુ શીવ પ્રેશા—જય૦
શીવશીવ શીવશીવ સાંભળ, ધ્યાન તને લાગું;—શીવ૦
કરૂં ક્ષમા કર મ્હારૂં (૨) ભકતી અધીક માંગું—જય૦
મુજ અપરાધ અનેક ઉરમાં નહી ધરશો, શીવ૦
નીજ સેવક સમ જાણી (૨) હેતે ક્ષમા કરશો—જય૦
ભોળા શંભુ આપ કૈલાસે વાસો, શીવ૦
દીલદીપ સંગે કાપી (૨) રીદ્ધી સીદ્ધી આપો—જય૦
વીસ્તારી આ વીશ્વ રચી અદભુત માયા, શીવ૦
દીલહસ્તે સાખ્યો, પ્રભુ શીવ રાયા—જય૦
શીવ ભકતીનું પાન હીંદ ધરી ગાશે, કૈલા૦
મન વાંછીત ફળ પામી (૨) કૈલાસે જાશે—જય૦


૨૭ શીખરણી છંદ.

અહો શંભુ સ્વામી, અચળ તવ કીર્તિ ગુણ ગણા.
રટે બ્રહ્મા પોતે, પ્રમુખ શીવ કે ! ગણુ તણા
ગણે શું શું સ્વામી ગુણ ગણ ગણી તે ગણુ વીભુ
મહા સદ્ગુણોના મણીધર મણી શ્રી પદ લુભુ

૨૮ વસંત તિલકા છંદ.

લુભુ શંભુ પદ પ્રભુ હુવે અરપી ક્ષમાને,
દે શીવ રૂપ શીવતા, શીવ હું સમાને
કલ્યાણકારી જયકારી, સ્વયંભુ શંભુ
સાષ્ટાંગથી નમી નમી તુજ પાદ વંદુ
પાદામ્બુજે પ્રણમીને પ્રભુ પ્રેમથી રે
ઇચ્છે અભીષ્ટ જન અંતરમાં અતી રે
તેનું કરો શીવ સદા, શીવ શીવ નામી
શ્રી એકલીંગી ચરણે શીરસા નમામી





શ્રી અકલીંગ સ્તુતી પાઠ

શારદુલ વિક્રીડીત છંદ.

જેના ભાળ વિષે શશાંક સુખદ, ગંગા શિરે સોભતી,
કંઠે હાર ભુજંગ અંગ વીભુતી વામાંગ શોભે સતી;
અંકે દંત ગણેશ કલેશ હરતા, વીન્ઘ્રેશ રાજે પ્રભુ,
વંદે વીશ્વ વરીષ્ટ ઇષ્ટ વરદા, શ્રી એકલીંગજી વીભુ—૧
જેણે ભકત મુનીંદ્ર સુર નરને માર્કંડ સાં તારીયા,
લંકાધીશ સમ અસુર અધીકા શ્રાપેથી સંહારીયા;
શોવે ધ્યાન ધરી સદા સુરપતી ઉપેંદ્રને આત્મભુ,
વંદે વીશ્વ વરીષ્ટ ઇષ્ટ વરદા શ્રી એકલીંગજી વીભુ—ર
જાતા રાવણ સંગ લંકાપુરીમાં, મેવાડ મધ્યે રહ્યા,

સ્થાને સ્વથી થતાં મલીન મનના, ના દુષ્ટ સંગે ગયા;
કીધી ધર્મ પુનીત રીત રૂડી એ, શ્રીમાળ મેવાડી વીભુ,
વંદે વીશ્વ વરીષ્ટ ઇષ્ટ વરદા શ્રી એકલીંગી વીભુ—૩
જાણી આપ પ્રતાપ માન મહીમા, આચાર્ય ભુમા અતી,
મ્લેચ્છોથી ભય માનતા દ્વીજવરોયે કીધી સરણે સ્થીતી;
તેનું ઇષ્ટ કર્યું સદાશીવ તમે એવા સ્વયંભુ પ્રભુ.
વંદે વીશ્વ વરીષ્ટ ઇષ્ટ વરદા શ્રી એકલીંગી વીભુ—૪
સ્મરતા શ્રી હર ઓમ્ સદાશીવ હરે આધી ઉપાધી ટળે,
કીર્તીકાંતી વ લક્ષ્મી શાંતી સુખને ભકતી વ મુકતી મળે,
એવા દેવ દયાળુ દાની દીલના શંભુ સ્વરૂપે લુભુ
વંદે વીશ્વ વરીષ્ટ ઇષ્ટ વરદા શ્રી એકલીંગી વીભુ—૫
રૂડા સુર્યપુરે તીરે તપતીને ભકતો વસે આપના
કીધી સંવત બ્રહ્માનંદ નયને શાસ્ત્રે કરી સ્થાપના
શ્રી એકાદશી શુક્લ માર્ગ શીર્ષે. ને ચંદ્ર દીને સહુ,
વંદે વીશ્વ વરીષ્ટ ઇષ્ટ વરદા શ્રી એકલીંગી વીભુ—૬
જનમ્યા બ્રહ્મ કુળે વસ્યામ નીગમે શ્રીમાળી જ્ઞાતી વીષે
સુત શ્રી જયનંદ મુલશર્મા ને સ્મર્ણા રંડવા મીષે.
અરપું આ મુની શ્લોક શોક હરતા સ્વીકારસો સુરભુ,
વંદે વીશ્વ વરીષ્ટ ઇષ્ટ વરદા શ્રી એકલીંગી વીભુ—૭

ચચત કાંચન કુંડળં શશીધરં શ્રી ગુલીન શાંભવ.
વંદે શ્રી ત્રીપુરત કારીણ મહં બ્રહ્મા દીમી સેવીત,
યસ્મૃત્વાડમહાકવેશ્ચ પદવી, મીચાધ્યથા મદધી,
દંવિક્ષી ભગપતને ની વસીતં શાર્દુલચર્માંમ્બરં.—૮
સીતા શુદ્ધીચણું પ્રણુમ્યચ હરી ધ્યાત્વા ગુરૂ શકરં
એતત્સ્તોક કવી કૃતી પ્રકુરૂતે, સંસેશ્વરંમ્યામીમા,
શસ્તાંશ્રી જયનંદનો વીજયતે એવા હીતૈષીજના,
સ્તાંમે iાં વીભુધા સ્મરંતુચમુદા સામાગમાનંદદા.—૯

ધુન.

શાંમ્બ સદા શીવ શાંમ્બ સદા શીવ.

સમાપ્ત.

શ્રી એકલીંગજીના ભકતોને ખુશ ખબર.

એક આનામાં અલૌકીક લાભ.

પ્રીયઆત્મ બંધુઓ,

આ ચોપડીની ઉપજ સ્તવનોના બનાવનાર માહાત્મા શ્રીની સંઘના પ્રસંગે વાપરવામાં તથા શ્રી એકલીંગજી મહારાજની સેવામાં વાપરવાની છે માટે શ્રી ઈષ્ટદેવના દરબારમાં તેમના ગુણારવિંદ ગાવા ભાગ્યશાળી થાવ.

લી૦

સેવક શીવનો જમીએતરામ મુજનામ.
સુત હું નરભેરામનો સુરતમાં મુકામ.

૬૦ ## આશ્રય દાતાઓનાં નામ.

૫)ક્ષત્રી કાલીદાશ ત્રીકમદાશ ચેવલી સુરત બેગમપુરા
૫) ક્ષત્રી મુગટરામ દયારામ રગુનવાળા
સુરત ઈંદરપુરા
૫) ક્ષત્રી કેશવભાઇ કશનદાશ સુરત સલબતપુરા
૨)ક્ષત્રી ઇચ્છારામ દુલભરામ ભગત સુરત ઇન્દરપુરા.
૩) એક અન્ય ભકત સુરત બેગમપુરા
૩)ક્ષત્રી બેહુચરદાશ માણેકચંદ ખરવરવાળા.
સુરત બલાજીરેડ

શ્રી સ્તુતી વંદના.

હે ત્રૈલોકયના ઇશ જગત નિયતા શંકર શાષ્ટાંગ દંડવત પ્રમાણુન શુભ નમનથી સ્તુતી કરૂં છું કે જેવી રીતે આ તાહરા રંકબાળ પ્રત્યે અગાધ કરૂણા કરી સદગુણી શેઠ ના ઉદાર આશ્રય હેઠળ રૂકેરી આ તમારૂં શંકર માહત્મ ફેલાવવા ભાગ્યશાળી કરયો છે, તવીજ રીતે ઉપર જણાવેલા ભકત શીરોમણી આશ્રય દાતાઓને તમારી પવીત્ર સેવાનાં ભકતાધિન થઇને શાન્તીનું સ્થાન પ્રાપ્ત કરાયો તેમજ તેમની સહુન સિલ ધૈર્યવાન, સદ વાછનાઓમા મદદગાર થાવો,

હું છું તમારોજ આશ્રીત રંકબાળ.

મોજી મહારાજ.

વિજ્ઞપ્તિ.

उत्पत्तिरेव विप्रस्य मूर्ति धर्मस्य शाश्वति
सहि धर्मार्थ मुत्पन्नो ब्रह्म भूयाय कल्पते

ભાવાર્થ—બ્રાહ્મણુંના જન્મ એ આર્ય ધર્મના અખંડ અવતાર છે, કારણ કે બ્રાહ્મણ ધર્મને અર્થે મોક્ષ પહોંચાડવાને ઉત્પન થયલા છે તો,

यद्ददाचरति श्रेष्टस्तत्तदेवेतरो जन ॥
सयत्त प्रमाण कुरुते लोकस्तदनुवर्तते ॥

ભાવાર્થ—શ્રેષ્ટ પુરૂષો જેવી રીતનુ આચરણ કરે છે તેવી રીતે બીજા જનો વરતે છે અને જેને લોકો પ્રમાણ તરીકે માને છે તેને અનુસરીને બીજા લોકો પણ ચાલે છે છતા આચાર પ્રથમા ધર્મનું સેવન નહી થવાથી આપણો આર્ય વર્ગ અનેક પ્રકારના કીલ્વીષોથી અલકૃત થઈ પૃથક પૃથક સંપ્રદાયની શાખાઓમા અધમતાને પાત્ર થયલા છે તો આચાર વીચાર પાલ્યા શીવાય તથા મનુષ્ય દેહની દુરલભતા જ્ઞાન ચક્ષુએ નીરખ્યાં શીવાય આત્મજ્ઞાન તેમજ પ્રભુતા પ્રાપ્ત થઈ શકતી નથી માટે જો એમજ છે અને એ રિધિ સિધિ પ્રાપ્ત કરવી એ આ કલીયુગમાં ઘણુંજ અગમ્ય છે તો હેતાળ છું જે હમારા ઇષ્ટ દેવની પ્રાર્થનાઓથી [કે જેની અગવડતા થઈ જવાની આ બાળ સમજ પ્રાર્થના પોથી તરીકે બહાર પડી છે.] તે વાચી પ્રભુતાની પ્રાપ્તી કરો. તથાસ્તુ !